FREE FOOD • FREE EDUCATION • FREE MEDICINE
# શિક્ષણ સર્વદા

Date: 14 Aug., 2018 Page # 3

# સિવિલ ઇજનેરી માટે ગુજરાતનું ઉત્કૃષ્ઠ શૈક્ષણિક એકમ: IIT RAM



**સર્વદા ન્યુઝ**

રાજ્યમાં માળખાગત સુવિધાઓના ક્ષેત્રમાં અત્યંત તેજસ્વી ઇજનેરો મળી રહે તે માટે ગુજરાત સરકારે ચાલુ વર્ષ ૨૦૧૩થી અમદાવાદના મણીનગર ખાતે ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ (આઇ.આઇ.ટી. રેમ)નો ચાલુ વર્ષથી આરંભ કરાવ્યો હતો. ધો.૧૨ પીસીએમ ગ્રુપ ધરાવતા વિદ્યાર્થીઓ માટે પહેલા વર્ષે અન્ડર ગ્રેજ્યુએટ કક્ષાએ બે બ્રાન્ચ સિવિલ ઇજનેરી તેમજ ઇલેક્ટ્રીકલ ઇજનેરી અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યા છે. અને આ બન્ને અભ્યાસક્રમોમાં ૫૦ ટકા બેઠકો પર પ્રવેશ પ્રક્રિયા હાલ ચાલી રહેલી એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સીસ (એ.સી.પી.સી., ગુજરાત)ની ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા અન્વયે અને બાકીની ૫૦ ટકા બેઠકો પર સેન્ટ્રલ કાઉન્સેલિંગ બોર્ડ એટલે કે નેશનલ ઇન્સ્ટિટ્યૂટસમાં પ્રવેશ માટે હાથ ધરવામાં આવતી પ્રક્રિયા દરમિયાન આપવામાં આવશે.

આ સંસ્થામાં પ્રવેશ મેળવવાનું હિતકારી એટલા માટે નિવડશે કેમકે ગુજરાત સરકાર ખુદ એ દિશામાં પ્રયત્નશીલ છે કે માળખાગત સુવિધાઓ વિકસાવવા માટે ગુજરાતને સારામાં સારા ટેકનિકલ ઇજનેરીના ઉમેદવારોની ભારે ડિમાન્ડ છે અને આઇ.આઇ.ટી. રેમમાં એ જ પ્રકારના સિલેબસના આધારે વિદ્યાથીર્ઓને તૈયાર કરવામાં આવશે જે ગુજરાતના વિકાસની યાત્રાને વધુ તેજ બનાવી શકશે. જેમણે સિવિલ ઇજનેરી કે ઇલેક્ટ્રીકલમાં અભ્યાસ કરવો છે તેમના માટે આઇ.આઇ.ટી. રેમ સર્વશ્રેષ્ઠ વિકલ્પ છે. જે વિદ્યાર્થીઓને સિવિલ ઇજનેરીમાં રસ હોય અને ક્વોલિટી કામ કરવા માંગતા હોય તેમના માટે ગુજરાતમાં જ અભ્યાસ માટે આનાથી બહેતર બીજો કોઇ વિકલ્પ ઉપલબ્ધ નથી. અમદાવાદના મણીનગર સ્થિત કેમ્પસમાં સાકાર કરવામાં આવી રહેલા આ આઇ.આઇ.ટી રેમ ઇન્સ્ટિટ્યૂટમાં અન્ડર ગ્રેજ્યુએટથી શરૂ કરીને પોસ્ટ ગ્રેજ્યુએશન, રિસર્ચ તેમજ પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહયા છે. ગત જૂન ૨૦૧૩માં પ્રથમ બેચ શરૂ થઇ ગયો છે અને તેમાં ક્લોઝર મેરીટ અત્યંત ઉંચુ આવ્યું છે. નિરમા, પીડીપીયુ કે અન્ય પ્રાઇવેટ યુનિવર્સિટી કરતા પણ આઇ.આઇ.ટી. રેમ ઇન્સ્ટિટ્યૂટને વિદ્યાર્થીઓ તરફથી પ્રથમ પસંદગી આપવામાં આવી હોવાનું પણ જાણવા મળ્યું છે. આમ આઇ.આઇ.ટી. રેમમાં ભણવું ભવિષ્યમાં સૌથી ઉત્તમ બની રહેશે. હાલમાં ધો.૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પણ આ દિશામાં વિચારી જોવું જોઇએ.